તા. ૩૦.૦૪.૨૦૨૪
સંદેશ (ગાંધીનગર આવૃત્તિ), પાના નં. ૦૧

## ટ્રાફિકની સમસ્યા, અકસ્માતો ટાળવા સર્કલને મોડેલ તરીકે વિકસાવાશે

# ચ-૫ સર્કલે ડાબી તરફ વળતા વાહનો માટે નવો રસ્તો જ બનાવી દેવાશે !

### વાહનોને સર્કલથી ૧૦૦ મીટર પહેલાં રસ્તો અપાશે

। ગાંધીનગર ।

શહેરના હાર્દસમા ચ-૫ સર્કલને મોડેલ સર્કલ તરીકે વિકસાવવાની તૈયારી કરાઈ છે. જેમાં ડાબી સાઈડ વળતા વાહનો હાલના હયાત રોડની જોડે જ બીજો નાનો રોડ તૈયાર કરવામાં આવશે. જોકે અહીં મેટ્રોની કામગીરી પૂર્ણ થઈ ગયા બાદ આ કામ થશે. જેથી કરીને તોડફોડ થવાની શક્યતા ન રહે સાથે જ ટ્રાફિકની પણ સમસ્યા રહે નહીં.

એક સમયે સુમસાન રહેતાં શહેરના માર્ગો હવે ૨૪ કલાક વાહનોથી ધમધમતા રહે છે. શહેરના આસપાસના વિસ્તારોમાં થયેલા વિકાસ અને વધેલી વસ્તીની અસર રસ્તા પર દેખાય છે. શહેરમાં ટ્રાફિક વધતાં ટ્રાફિક સિગ્નલો પણ કાર્યકર કરાયેલા છે. ત્યારે સિગ્નોલ પર ડાબી સાઈડ વળતા માંગતા વાહનોને ઘણીવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ટ્રાફિક બોલાર્ડ લગાવાયા બાદ ઘણાખરા અંશે સમસ્યાનો ઉકેલ આવ્યો છે. ટ્રાફિક બોલાર્ડને પગલે સર્કલની આસપાસ રસ્તો સાંકળો થઈ જાય છે. જેને પગલે સીધા જવા માંગતા વાહનોની લાંબી કતારો જોવા મળે છે. બીજી તરફ અચાનક ડાબી તરફ વળી જતાં વાહનોને પગલે ગંભીર અકસ્માતનો ભય રહે છે. ત્યારે તમામ સમસ્યાઓના ઉકેલ માટે ચ-૫ સર્કલને મોડેલ સર્કલ તરીકે વિકસાવવાનો નિર્ણય

અનુસંધાન પાના નં.3 ઉપર